
રાજર્ષિ વિનિર્મિત

# તારંગાતીર્થ



શેઠ આણંદજી કલ્યાણજી

ઝવેરીવાડ, અમદાવાદ-૧.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રાજર્ષિ વિનિર્મિત

# તારંગાતીર્થ

પ્રકાશક

શેઠ આણંદજી કલ્યાણજી
ઝવેરીવાડ, અમદાવાદ-૧.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રાજર્ષિ વિનિર્મિત

**તારંગાતીર્થ**

❖

**પ્રકાશન વર્ષ**

વિ૦ સં૦ ૨૦૫૩ : ઈ૦ સ૦ ૧૯૯૭

**નકલ : ૧૦૦૦**

❖

**ગ્રંથઆયોજન**

શારદાબેન ચિમનભાઈ એજ્યુકેશનલ રિસર્ચ સેન્ટર
'દર્શન', શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.

❖

**પ્રકાશક**

**કામદાર નવીનચંદ્ર મણિલાલ**
જનરલ મૅનેજર

શેઠ આણંદજી કલ્યાણજી
ઝવેરીવાડ, અમદાવાદ-૧.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# નિવેદન

જૈન તીર્થોની પરિચય પુસ્તિકામાળાના મણકારૂપે, પહેલાંની પુસ્તિકાઓની જેમ, પ્રા૦ મધુસૂદન ઢાંકીએ તૈયાર કરી આપેલી તારંગાના સુપ્રસિદ્ધ અને મહાન્ અજિતનાથ ચૈત્યનું તેના ઐતિહાસિક અને ભૌગોલિક પરિપ્રેક્ષ્યમાં સવિવરણ કલાદર્શન કરાવતી પુસ્તિકા આ સાથે પ્રકાશિત થઈ રહી છે. પુસ્તિકાને મુદ્રિત રૂપે પ્રગટ કરવામાં આગળની જેમ જ શ્રી શારદાબેન ચીમનભાઈ એજ્યુકેશનલ રિસર્ચ સેન્ટર, અમદાવાદના કર્મચારીઓનો પૂર્ણ સહયોગ રહ્યો છે.

શેઠ આણંદજી કલ્યાણજી

અમદાવાદ
વિ૦ સં૦ ૨૦૫૩

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# રાજર્ષિ વિનિર્મિત
# તારંગાતીર્થ

જૈનોને પર્વતીય સ્થળો પર તીર્થધામો સ્થાપવામાં અત્યંત રુચિ હતી. પૂર્વ ભારત સ્થિત મગધમાં અર્હત્ પાર્શ્વની નિર્વાણ ભૂમિ સમ્મેદ શૈલ કે સમ્મેત શિખર, મધ્યપ્રદેશમાં સોનાગિરિ, કર્ણાટકમાં શ્રવણ-બેલગોળ (શ્રમણ-બેલગોળ), કોપ્પણ, અને હુમ્બચ, તથા પશ્ચિમ ભારતમાં સૌરાષ્ટ્રમાં ઉજ્જયન્તગિરિ (ગિરનાર) તેમ જ શત્રુંજયગિરિ (શેત્રુંજો), અને રાજસ્થાનમાં અર્બુદગિરિ કિંવા આબૂ પર્વત એવં જાબાલિપુર(જાલોર)નો કાંચનગિરિ પ્રસિદ્ધ છે. એ જ પર્વતીય તીર્થોની શ્રેણીમાં ઉત્તર ગુજરાતમાં અડાવલા(અરવલિ)ની ટેકરીઓમાં આવેલા તારંગાના જિન અજિતનાથના તીર્થને મૂકી શકાય.

તારંગા જવા માટે રેલ રસ્તે મહેસાણાથી જતી તારંગા લાઇન અથવા મોટર રસ્તે મહેસાણાથી સડકને માર્ગે જઈ શકાય છે. ટીંબા ગામ પાસે ખંડેર કિલ્લા પછીની ટેકરીઓની વચ્ચે મધ્યકાલીન તારંગાનો, પહેલા મોઢા આગળના પ્રાકારમાં અજિતનાથનો શ્વેતામ્બર સમ્પ્રદાયનો મંદિરસમૂહ, અને પછી તરત જ પાછળ તેની પશ્ચિમે જરા ઊંચાણમાં દિગમ્બર સમ્પ્રદાયના અધિકારનું નાનાં નાનાં જિનાલયોનું ઝૂમખું આવી રહ્યું છે.

'તારંગા' અભિધાનની વ્યુત્પત્તિ અને ઇતિહાસ વિષે એકદમ સ્પષ્ટતા નથી. વર્ત્તમાને અસ્તિત્વમાન જૈન મંદિરોથી વિશેષ પ્રાચીન એવી કોઈ મહાયાનિક બૌદ્ધ સમ્પ્રદાયની નાની બૌદ્ધ ગુફાઓમાં એકમાં આઠમા શતકના અન્ત યા નવમી શતીના પ્રારંભે મૂકી શકાય તેવી બૌદ્ધદેવી તારા ભગવતીની ઉપાસ્ય મૂર્તિ છે. શ્વેતામ્બર સમ્પ્રદાયના બૃહદ્ગચ્છીય આચાર્ય સોમપ્રભના મહારાષ્ટ્રી પ્રાકૃતમાં નિબદ્ધ **જિનધર્મપ્રતિબોધ** અંતર્ગત વેણી-વત્સરાજ નામના રાજાએ અહીં તારાદેવીની સ્થાપના કરેલી અને ત્યાં આગળ 'તારાઉર' એટલે કે તારાપુર નામનું ગામ વસેલું,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એવું કથન મળે છે. આ કોઈ બહુ મોટી વસાહત—નગરી જેવડી—હોવાનો સંભવ ન હોતાં તેનું વ્યવહારમાં નામ 'તારાગ્રામ' અને તેના પરથી અપભ્રંશ 'તારાગામ', 'તારાગાંવ' જેવું થઈ 'તારંગા' બન્યું હોય તેવો સંભવ છે. અહીંના (અને સાથે જ આબૂના) મધ્યકાળના અભિલેખોમાં તેનાં તારંગક, તારણદુર્ગ, તારણગઢ જેવાં અભિધાનો પ્રાપ્ત થાય છે, જે વિષે અહીં આગળ ઉપર નિર્દેશ થશે.

પરંતુ તારાપુર વસ્યા પહેલાં અહીં કોઈ જૈન સ્થાન હોવાનો સંભવ નહીંવત્ છે. દિગમ્બરેતર સમ્પ્રદાયના, સંભવત: દાક્ષિણાત્ય, જૈન કર્ત્તા જટાસિંહનન્દીના **વરાંગચરિત** (પ્રાય: ૭મી શતી) નામના જૈન પૌરાણિક ગ્રન્થમાં આનર્ત્તપુર અને સરસ્વતી વચ્ચે મણિમાન પર્વત અને રાજા વરાંગે બંધાવેલા જિનાલયનો ઉલ્લેખ આવે છે. આ મણિમાન પર્વત તે જ મધ્યકાળનો તારંગપર્વત હોવાનું સૂચન થયું છે. અલબત્ત અહીંથી મળતી જૈન પ્રાચીન વસ્તુઓના પુરાવાઓમાંના કોઈ જ ૧૧મી સદી પૂર્વના નથી. અહીં દિગમ્બર અધિકાર નીચેના મંદિરની પાછળની પહાડીમાં એક દરી—કુદરતી ગુફા—આવેલી છે, જેમાં (અચેલ સમ્પ્રદાયના) જૈન મુનિઓ ધ્યાન કરતા હોવાની પરંપરા છે.

તારંગા સંબંધ આજુબાજુનાં પ્રાચીન સ્થાનોની વિગતો દેવાનું અહીં સન્દર્ભગત ન હોઈ હવે મુખ્ય વાત પર આવીએ. **જિનધર્મપ્રતિબોધ** (સં૰ ૧૨૪૧ / ઈ૰ સ૰ ૧૧૮૫) અનુસાર તારંગાનું અજિતનાથનું શ્વેતામ્બર સમ્પ્રદાયનું મહાચૈત્ય સોલંકીસમ્રાટ ગૂર્જરેશ્વર કુમારપાળના આદેશથી દંડનાયક અભયદ દ્વારા વિનિર્મિત બનેલું. તેનો નિર્માણકાળ પશ્ચાત્કાલીન **વીરવંશાવલી** અંતર્ગત સં૰ ૧૨૨૧ / ઈ૰ સ૰ ૧૧૬૫ જણાવ્યો છે તે શૈલીગત પ્રમાણોથી તથ્યપૂર્ણ જણાય છે. રાજગચ્છીય પ્રભાચન્દ્રના **પ્રભાવકચરિત** (સં૰ ૧૩૩૪ / ઈ૰ સ૰ ૧૨૭૮) અનુસાર આ પ્રાસાદ રાજાના ગુરુ આચાર્ય હેમચંદ્રના ઉપદેશાત્મક સૂચનથી અને રાજાદેશથી બંધાયેલો. ત્યાં અપાયેલી અનુશ્રુતિ અનુસાર રાજાએ (ઈસ્વી ૧૧૫૦થી પૂર્વે કરેલા) શાકંભરિ-વિજય વખતે જિન અજિતનાથનું આયતન બાંધવાનો જે નિશ્ચય કરેલો તેનું સ્મરણ થતાં તેણે આ મંદિર બંધાવેલું. મંદિરનું કદ જોતાં તેને બંધાતાં પાંચેક વર્ષ તો સહેજે લાગ્યા હશે. પ્રાંગણમાં એક દેરીમાં સુરક્ષિત સ્તમ્ભ પર કુમારપાળના શાસનના અંતિમ વર્ષનો લેખ છે. મંદિરનો મૂળ પ્રશસ્તિ લેખ ઉપલબ્ધ નથી. આ મંદિરમાંથી મંત્રીશ્વર વસ્તુપાલે સં૰ ૧૨૮૫ / ઈ૰ સ૰ ૧૨૨૯માં ખત્તક સમેત ભરાવેલી પ્રતિમાઓના બે લેખ પ્રાપ્ત થયા છે, જેની પ્રતિષ્ઠા એમના કુલગુરુ નાગેન્દ્રગચ્છીય વિજયસેન સૂરિએ કરેલી. વસ્તુપાળ તેજપાળના સમકાલીન વરહુડિયા કુટુંબના દેલવાડાની લૂણવસહીની દેવકુલિકાના સં૰ ૧૨૯૬ના પ્રશસ્તિ-લેખ મુજબ એમના તરફથી પણ અહીં જિનબિંબ સહિત ખત્તક બનેલો, જે ઈસ્વી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૨૪૦થી થોડાં વર્ષ પૂર્વે બન્યો હશે. ત્યારબાદ સં૰ ૧૩૦૪ અને સં૰ ૧૩૦૫ / ઈ૰ સ૰ ૧૨૪૮ અને ૧૨૪૯માં અહીં રાજગચ્છીય વાદીન્દ્ર ધર્મઘોષસૂરિની પરંપરાના ભુવનચન્દ્રસૂરિએ અજિતનાથનાં બે બિંબોની પ્રતિષ્ઠા કરાવેલી. આજે તો અલબત્ત લેખો જ અવશિષ્ટ રહ્યા છે, મૂળ બિંબો નષ્ટ થઈ ચૂક્યાં છે.

૧૫મા શતકના મધ્ય ભાગમાં રચાયેલા રત્નમંડનગણિકૃત **ઉપદેશતરંગિણી** તથા **સુકૃતસાગર** ગ્રન્થોની નોંધને આધારે માલવમંત્રી પૃથ્વીધર(પેથડ)પુત્ર ઝાંઝણ અહીં તપાગચ્છીય ધર્મઘોષ સંગાથે પ્રાય: ઈસ્વી ૧૨૬૪માં સંઘ સહિત યાત્રાર્થે આવેલા અને ૧૩મા શતકના અન્તભાગે ખરતરગચ્છીય તૃતીય જિનચન્દ્રસૂરિ પણ સંઘ સહિત વંદના દેવા આવી ગયેલા. આમ તારંગાની ૧૩મા શતકમાં તીર્થરૂપે ખ્યાતિ બની ચૂકેલી.

કુમારપાળના અનુગામી અજયપાળે, પૂર્વે પોતાને ગાદીવારસરૂપે બાતલ કરવાની સલાહ આપનાર મંત્રીઓ (મહામાત્ય કપર્દી, મંત્રી આમ્રભટ્ટ) અને હેમચન્દ્રાચાર્યના પટ્ટશિષ્ય રામચન્દ્રને ક્રૂરતાપૂર્વક મારી નખાવ્યા; અને કુમારપાળે તેમ જ તેના પૂર્વોક્ત મંત્રીઓએ કરાવેલ જિનાલયોના ઉત્થાપન કરાવેલા. તેમાંથી તારંગાના મહાન્ જિનાલયને કેવી રીતે યુક્તિપૂર્વક પાટણના શ્રેષ્ઠી આભડ વસાહ દ્વારા બચાવી લેવામાં આવ્યું તે સંબંધની હકીકત નાગેન્દ્રગચ્છીય મેરુતુંગાચાર્યના **પ્રબન્ધચિંતામણિ** (સં૰ ૧૩૬૫ / ઈ૰ સ૰ ૧૩૦૫) અને પછીના કેટલાક પ્રબન્ધોમાં નોંધાયેલી છે.

પરંતુ ૧૪મા શતકના પ્રારંભે થયેલા મુસ્લિમ આક્રમણ સમયે અને અણહિલ્લપત્તન પરના મુસ્લિમ આક્રમણ અને શાસન દરમિયાન ગુજરાતના મોટા ભાગના બ્રાહ્મણીય અને જૈન મંદિરો ખંડિત થયાં અને કેટલાંયેનો ધરમૂળથી વિનાશ કરવામાં આવ્યો, જે સપાટામાંથી તારંગાનું આ ચૈત્ય બચી શકેલું નહીં. એ સંબંધની નોંધ ૧૫મા સૈકાના પ્રથમ ચરણમાં તપાગચ્છીય મુનિસુંદરસૂરિના **જિનસ્તોત્રરત્નકોશ** અન્તર્ગત ''શ્રીતારણદુર્ગાલંકાર શ્રીઅજિતસ્વામીસ્તોત્ર''માં લેવામાં આવી છે. ત્યાં કહ્યા મુજબ મ્લેચ્છો દ્વારા થયેલા ભંગ પશ્ચાત્ ઈડરના સંઘાધિપતિ સાધુ ગોવિંદે આરાસણના આરસનું નૂતન બિંબ ઘડાવી તેમાં પુન: પ્રતિષ્ઠા કરાવેલી. સોમસુંદરસૂરિના પ્રશિષ્ય પ્રતિષ્ઠાસોમના **સોમસૌભાગ્ય કાવ્ય** (સં૰ ૧૫૨૪ / ઈ૰ સ૰ ૧૪૬૮) અનુસાર ગોવિંદ શ્રેષ્ઠીએ સોમસુંદરસૂરિ પાસે પ્રતિષ્ઠા કરાવેલી, જે હકીકતની સંક્ષિપ્તરૂપે નોંધ સોમચારિત્રગણીના **ગુરુગુણરત્નાકરકાવ્ય**(સં૰૧૫૪૧ / ઈ૰ સ૰ ૧૪૮૫)માં પણ મળે છે. ગોવિંદનું નામ દેતાં મૂળ બિંબના ઘસાઈ ગયેલા લેખ અનુસાર પ્રતિષ્ઠા-વર્ષ સં૰ ૧૪૭૯ / ઈ૰ સ૰ ૧૪૨૩ હતું. ૧૫મા શતકના આરંભે અમદાવાદના સુલતાન અહમદશાહના ઝવેરી ગુણરાજે સોમસુંદરસૂરિ સાથે તીર્થયાત્રાઓ કરેલી, તેમાં તારંગાનો પણ સમાવેશ હતો. ઉપર્યુક્ત ગોવિંદ શ્રેષ્ઠીએ મંદિરમાં થયેલા નુકસાનને પણ દુરસ્ત કરાવ્યું હશે. એમણે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ત્યાં નવ ભારપટ્ટ (ભારોટો) ચઢાવ્યાની નોંધ પણ **સોમસૌભાગ્યકાવ્ય**માં લેવાઈ છે. ૧૭મા સૈકામાં આવતાં દેવાલયના જૂના બાંધકામને ટેકણોથી મજબૂત કરવાનો પ્રયત્ન સં૰ ૧૬૮૨ થી ૧૬૮૮ (ઈસ્વી ૧૬૨૬ થી ૧૬૩૨) વચ્ચેના વર્ષમાં થયેલો, જેનો યશ અંચલગચ્છીય કલ્યાણસાગરસૂરિ સ્વવિરચિત રાસમાં જામનગર/કચ્છના શ્રેષ્ઠી બંધુઓ વર્ધમાન સાહ અને પદ્મસી સાહને આપે છે; પણ તપાગચ્છીય પટ્ટાવલીની નોંધ અનુસાર ઉદ્ધાર હીરવિજયસૂરિશિષ્ય વિજયસેનસૂરિના ઉપદેશથી થયેલો.

આટલો, ઉપલબ્ધ સાધનોથી પ્રાપ્ત થતો, ઇતિહાસ જોયા પછી હવે મુખ્ય મંદિરના સ્વરૂપના આકલન અને તેની કલાના વિવેચન પ્રતિ વળીએ. મંદિરના પ્રાંગણમાં ૧૯મા શતકમાં બંધાયેલ નાનાં નાનાં મંદિરોમાં અષ્ટાપદ, નન્દીશ્વર, સહસ્રકૂટ, આદિની સ્થાપનાઓ છે; પણ તે સૌ કૃતિઓ કાળની તેમ જ કલાની દૃષ્ટિએ મહત્ત્વની ન હોઈ હવે મૂળ વિશાળ મંદિરનું સવિગત અવલોકન કરીશું.

પૂર્વાભિમુખ આ મંદિરને, ભદ્રવ્યાસે લગભગ ૭૪ ફીટ જેટલો પહોળો અને ૧૨૫-૧૩૦ ફીટ જેટલી ઊંચાઈ ધરાવતો મૂલપ્રાસાદ, તેની સાથે જોડેલો ગૂઢમંડપ, અને ગૂઢમંડપ સાથે છચોકી જોડેલી છે. કંઈક અંશે શત્રુંજય પરના વાગ્ભટ્ટ મંત્રીએ કરાવેલ આદિનાથના મંદિર જેવો તળચ્છન્દ ધરાવનાર આ (અંદર પ્રદક્ષિણાવાળો) સમગ્ર પ્રાસાદ તેનાથી પણ વિશાળ કદનો છે. ચિત્ર ૧માં સમગ્ર મંદિરનું વાયવ્ય ખૂણામાંથી, ચિત્ર ૨માં દક્ષિણ દિશાથી, અને ચિત્ર ૩માં ઈશાન ખૂણાથી દર્શન થાય છે; જ્યારે ચિત્ર ૪માં પૂર્વ તરફના મોરાના ઉપલા ભાગમાં મંડપની સંવરણા અને શિખરનું દૃશ્ય જોવા મળે છે.

મંદિરના ઉદયમાં પીઠ અને પર વેદીબંધ, અધ:જંઘા (નીચલી જાંઘી), ઊર્ધ્વ જંઘા (ઉપલી જાંઘી), છાદ્ય (છજ્જું), તે પર પ્રહાર (પાલ) અને ત્યાંથી શિખરનો ઉપાડ શરૂ થાય છે. મંદિરના તળચ્છન્દમાં કર્ણ (મૂળખૂણો), પ્રતિરથ (પઢરો), નન્દિકા (નંદી), એ ત્રણે અંગોની વચ્ચે કોણિકા (ખૂણી) અને પછી સુભદ્રયુકત વિસ્તીર્ણ ભદ્ર (ભદર) કાઢેલાં છે (ચિત્ર ૧૨). આમ મોટા કિંવા મેરુ પ્રાસાદના તળમાં જે અંગો હોવાં ઘટે તે કરેલાં છે.

પરંતુ પીઠમાં પ્રાસાદમાનને યોગ્ય ત્રણને બદલે કેવળ બે ભિટ્ટ, અને હોવાં ઘટે તેનાથી ઓછી ઊંચાઈના જાડ્યકુમ્ભ (જાડંબો), કર્ણક (કણી), અંતરપટ્ટ, છજ્જિકા (છજ્જી), અને ગ્રાસપટ્ટી (મઘડીયાની પટ્ટી) જ કરેલાં છે (ચિત્ર ૭). આવડા મોટા માનના, અને સમ્રાટકારિત પ્રાસાદમાં પીઠબન્ધમાં સામાન્ય પીઠને ઉપરના ભાગમાં ગજપીઠ, અશ્વપીઠ, અને નરપીઠ લઈ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મહાપીઠ કરવી જોઈએ તે વસ્તુ નથી. બન્ને ભિટ્ટ અલબત્ત અલંકૃત છે; તેમાં નીચલા પર કંકણપત્ર અને ઉપલા પર કંકણકમલની પંક્તિ કોરેલી છે.

પીઠ પર વેદિબન્ધમાં જોઈએ તો ખુરકના ઉપલા ભાગમાં વસન્તપટ્ટીમાં ફીંડલાવાળી વેલ, અને ઉપર કુમ્ભના વચલા કિંવા ભદ્રના મોવાડ પર રથિકાઓમાં યક્ષ-યક્ષી, વિદ્યાદેવીઓ આદિની મૂર્તિઓ કરેલી છે (ચિત્ર ૧૧); અને પડખાની નાસિકાઓમાં અર્ધરત્નો કોરેલાં છે; જ્યારે રથિકાઓ ઉપર રત્નપટ્ટી કરી છે (ચિત્ર ૧૧). કુમ્ભ પછી આવતો કળશ સાદો કર્યો છે. તે પછી અંતરપટ્ટમાં હંમેશ મુજબની કુંજરાક્ષ(હાથીઓની આંખો)ની ભાત કોરેલી છે. ત્યારબાદ ઉપર ગગારક(ગગારા)વાળી કપોતપાલી (કેવાળ), આછેરી મંચિકા, અને તે પર શત્રુંજયના આદિનાથના મંદિરમાં છે તે પ્રમાણે રત્નપટ્ટનો થર લીધો છે (ચિત્ર ૧૦). તે પછી જંઘામાં દેવથર આવે છે, જેમાં નીચે રૂપધારા કરેલી છે. દેવથરની મૂર્તિઓ આ યુગના નિયમ અનુસાર પરિકર્મયુક્ત છે (ચિત્ર ૧૧). તેમાં કર્ણે દિક્પાલો અને પ્રતિરથોમાં યક્ષીઓ, વિદ્યાદેવીઓ આદિની મૂર્તિઓ દર્શાવી છે; અને પડખાઓમાં બન્ને બાજુ નૃત્યાંગનાઓ આવી રહેલી છે (ચિત્ર ૧૦). મધ્યભાગે મૂર્તિ-પરિકરની છાજલી ઉપર ઉદ્‌ગમ અને બન્ને બાજુ નાનેરાં તિલકો કરેલાં છે. આ ભાગની ખામી એ છે કે, મંચિકાનું કૃદ નાનું છે અને તેનું પરિકર્મની થાંભલીઓમાં તળિયે લુમ્બિઓ સમેત જોડાણ થવું ઘટે તે, રત્નપટ્ટ અને રૂપધારાની ઉપસ્થિતિથી થતા અવરોધથી, થઈ શક્યું નથી. (આથી પ્રભાસના કુમારપાળ કારિત ઈ૦ સ૦ ૧૧૬૯ના સોમનાથના મંદિર જેવી શોભા બની શકી નથી અને દેવથર પણ ટૂંકો બની ગયો છે.) આ પછી અંતરપટ્ટ આવે છે, પણ તે ઉપર વાસ્તુના નિયમ પ્રમાણે ભરણી અને કેવાળ લેવાં ઘટે તે લીધાં નથી અને સીધી જ ઉપલી જંઘા લઈ લીધી છે. આ ઉપલી જંઘામાં વચ્ચે યક્ષ, યક્ષી, વિદ્યાદેવ્યાદિની પ્રતિમાઓ કંડારી છે, જ્યારે પડખલામાં ઊભાં ચીરેલાં સરસ રત્નો કોર્યાં છે (ચિત્ર ૧૦, ૧૫, ૧૬,). ત્યારબાદ અંતરપટ્ટ, તમાલપત્રની પટ્ટીવાળી ભરણી, કેવાળ, અંતરપટ્ટમાં રત્નપટ્ટી, તે પછી ગ્રાસપટ્ટીને બદલે વસંતપટ્ટિકા, ફરીને ઝીણું અંતરપટ્ટ અને તેમાં સૂક્ષ્મ રત્નપટ્ટી, અને ત્યારબાદ છાદ્ય લીધું છે. આ છાદ્યને ખૂણે ખૂણે ઘૂંટણ વાળેલા (ખડ્‌ગયુક્ત કે અન્યથા) આકાશચારી વિદ્યાધરોની છૂટી મૂર્તિઓ ગોઠવી છે. તે પછી ફરીને કપોતપાલી અને વસંતપટ્ટિકાના થરો લઈ શિખરનો પ્રહાર ભાગ શરૂ કર્યો છે, જેની છાજલીના સંધાન ભાગોમાં ફરીને વિદ્યાધરોની મૂર્તિઓ મૂકી છે.

શિખરની વિગતો જોતાં પહેલાં પ્રાસાદના ભદ્રભાગની પીઠ ઉપરથી જુદી પડી જતી રચના વિષે જોઈ લઈએ. સાન્ધાર જાતિના પ્રાસાદોમાં હોય છે તેમ અહીં ત્રણ બાજુએ ભદ્રાવલોકનો (બેઠા ઝરૂખા) કર્યાં છે (ચિત્ર ૫), પણ તેમાં ઉપભદ્રો પણ કાઢ્યાં છે જે ઘટના વિરલ છે, અને

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એથી ભદ્રભાગ સમગ્ર રીતે જોતાં હોવો ઘટે તેનાથી વિશેષ પહોળો બન્યો છે અને એ કારણસર કર્ણ-પ્રતિરથાદિ અન્ય અંગોની પહોળાઈ હોવી જોઈએ તેના કરતાં ઓછી કરવી પડી હોય તેમ લાગે છે, અને એથી જ તો દેવથર પણ નાનો થઈ ગયો જણાય છે.

પ્રત્યેક ભદ્રાવલોકનનો ઉદય સમાનરૂપે છે. તેમાં પીઠ પર પહેલાં મોટો રત્નપટ્ટ કર્યો છે, જે આ મંદિરની વિશેષતા છે (ચિત્ર ૭, ૮). તે પર સાંકડું રાજસેનક, જાલરૂપાઢ્યા વેદિકા, આસનપટ્ટ, અને કક્ષાસન લીધાં છે. વેદિકામાં યક્ષીઓ, વિદ્યાદેવીઓનાં રૂપ કર્યાં છે; જ્યારે કક્ષાસનમાં છેડે અને વચલા ભાગે સંગીત અને નૃત્યકારી સમૂહોનાં રૂપ કાઢ્યાં છે (ચિત્ર ૮). આસનપટ્ટ પર મિશ્રક જાતિના સ્તમ્ભો મૂકયા છે (ચિત્ર ૯). તેમાં ઉપરના વૃત્ત ભાગમાં કંકણપત્ર, રત્નપટ્ટી, અને ગ્રાસપટ્ટી કરી છે. અહીં કંકણપત્રમાં એક કાળે વચ્ચારે, સુભદ્ર ભાગે, મધ્યમાં ૧૩ ખંડની અને બાજુઓમાં એટલે કે ઉપભદ્રોમાં ચચ્ચાર ખંડની ભૌમિતિક સુશોભન ધરાવતી, સરસ જાળીઓ ભરી છે (ચિત્ર ૮, ૯). આ જાળીઓ મૂળે કુમારપાળના સમયની હશે કે પછી ગોવિંદ શ્રેષ્ઠીએ કરાવેલા જીર્ણોદ્ધાર સમયે દાખલ કરી હશે તેનો નિર્ણય કરવો એકદમ સરળ નથી. સ્તમ્ભોનાં શરાં પર વલ્લીપટ્ટિકા કરી તેની ઉપર છાજલી કાઢી છે, જેમાં ખૂણાઓ પર હાથીનાં રૂપો ગોઠવ્યાં છે. ભદ્રભાગે ઉપલા માળનું જાળી સહિતનું ભદ્રાવલોકન કર્યું છે, જેની છાજલીઓ પર પણ છેડે ફરીને હાથીઓ જોવા મળે છે. આ ભદ્ર ભાગની ઉપર સંવરણા કરી છે.

પ્રાસાદનું શિખર જેટલું ભવ્ય, સપ્રમાણ, અને ઉન્નત છે એટલું જ સોહામણું પણ છે. (ચિત્ર ૧૩, ૧૮, ૨૦). ભદ્રમાં ઉપર ખૂણે કાઢેલાં ૮ શ્રૃંગ (સખીડાં) બાદ કરતાં કર્ણો અને પ્રતિરથો પર વિશેષ અંડકોવાળાં વાસ્તુની પરિભાષામાં જેને 'કર્મો' કહ્યાં છે, તે ચઢાવ્યાં છે. પ્રત્યેક દિશાના ચચ્ચાર ઉર:શ્રૃંગો, આઠ પ્રત્યંગો અને વચ્ચેની મૂલમંજરી કિંવા મૂલશ્રૃંગ વા મૂલશિખરની સંખ્યા મેળવતાં સમગ્ર શિખરના કુલ મળી ૪૦૩ અંડક થાય છે (ચિત્ર ૬, ૧૮, ૨૦) : જ્યારે નન્દિકાઓ અને ભદ્રનાં શ્રૃંગો ઉપરના કૂટ-કક્ષકટકો મળીને શિખરમાં કુલ ૮૦ તિલકો પણ કર્યાં છે. આમ આ નખશિખ જાલાભૂષિત શિખર, મેરુ પ્રાસાદને બરોબર અનુરૂપ બનાવ્યું છે. એનાં તમામ શ્રૃંગો, કર્મો, અને મૂલમંજરી સહિતનાં અંગ પ્રત્યંગોની રેખા અતિ સુંદર છે (ચિત્ર ૧૮, ૧૯, ૨૨). કુમારપાળ યુગમાં શિખરની રેખાની નમણાશ અને લાલિત્ય એની ચરમ સીમાએ પહોંચી ગયેલાં. શિખરની ગ્રીવામાં કર્ણે અને પ્રતિરથે જૈનમુનિઓની મૂર્તિઓ મૂકી છે. (સંભવ છે કે, આવાં મોટાં શિવાલયોમાં તે સ્થળે પાશુપતાદિ શૈવાચાર્યોની મૂર્તિઓ મૂકવાની પ્રથા હશે, જે અન્વયે અહીં શ્વેતામ્બર મુનિઓની મૂર્તિઓ મૂકી હશે.) પશ્ચિમે શિખરમાં ધ્વજાધરની મૂર્તિ કરેલી છે.

પ્રાસાદ અને ગૂઢમંડપને સંધાન કરનાર ઉત્તર-દક્ષિણના કપિલી(કોળી)ભાગના ઉદયના

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

થરો પ્રાસાદના થરો અને રૂપકામાદિ જેવાં છે (ચિત્ર ૧૪, ૧૭). તેમાં ઉપર આવતાં કર્મો વચ્ચે તિલકો પર ક્રમશ: ત્રણ ત્રણ બેઠેલી મુનિમૂર્તિઓ મૂકેલી છે (ચિત્ર ૨૧).

કપિલી પર ત્રણ તબકકામાં ઊતરતી એવી, પડખા અને સન્મુખમાં મોટી પ્રતિમાઓ યુકત, અને તે પ્રત્યેક ભાગની ઉપર ગજાક્રાન્ત સિંહો મૂકી એક બૃહદ્, સિંહારૂઢ શુકનાસ કાઢેલી છે (ચિત્ર ૨૧), જેનું સન્મુખદર્શન ચિત્ર ૨૩માં રજૂ કર્યું છે. પ્રાસાદ મેરુમાનનો હોઈ તેની શુકનાસ પણ સહેજે વિસ્તારવાળી બનાવવી પડી છે.

કપિલી પછી આવે છે ગૂઢમંડપ. ગૂઢમંડપ સાધારણ નિયમથી પ્રાસાદની પહોળાઈના સાતમા કે આઠમા ભાગે વિશેષ પહોળો થતો હોય છે, પણ અહીં તો પ્રાસાદથી જરાક સાંકડો કર્યો છે, જે વસ્તુ દોષપૂર્ણ ગણાય. તેની ઉત્તર-દક્ષિણમાં મિશ્રક સ્તમ્ભોવાળાં ચોકીઆળાં કર્યાં છે (ચિત્ર ૨૫), જયારે પૂર્વ દિશાએ મોઢા આગળ એવા જ થાંભલાઓવાળી છચોકી કરેલી છે (ચિત્ર ૨૫). અહીં સ્તમ્ભો છચોકીમાં હોવા ઘટે તેના કરતાં સાદા રાખી દીધા છે, જેનાં દેખાવ અને અલ્પ કંડારકામ પ્રાસાદનાં ભદ્રાવલોકનોના વામનસ્તમ્ભો જેવું જ છે. આ છચોકીની છતો પણ આબૂ કે કુંભારિઆનાં મંદિરો જેવી ખાસ ધ્યાન ખેંચે તેવી નથી. તેમાંની એક ૯ ખંડોમાં કમલો કોરેલ ચોરસ છત, અને એક એવી જ પણ ૧૨ ખંડોવાળી લંબચોરસ છત (ચિત્ર ૨૬, ૨૭), તેમ જ એક વિકર્ણોમાં યક્ષીઓ વાળી અને એક બીજી તે સ્થળે કમળોવાળી નાભિપદ્મક જાતિની, અન્યથા સમાન ભાસતી છતનાં દશ્ય ચિત્ર ૨૮ અને ૨૯માં પ્રસ્તુત કર્યાં છે. છેલ્લી કહી તે બન્નેમાં વચ્ચેના ભાગમાં સરસ ચંપક પુષ્પો લગાવ્યાં છે. છચોકીમાંથી ગૂઢમંડપના પ્રવેશદ્વારની અડખે-પડખે વસ્તુપાલ મંત્રીએ ઊભા કરાવેલ સાધારણ ઘાટવાળાં બે દેવકુલિકા ખત્તકો છે.

ગૂઢમંડપની ઉપર ૩૨ ઉર:ઘંટા, ૧ મૂલઘંટા અને અનેક ઘંટિકાઓવાળી જાજવલ્યમાન સંવરણા કરેલી છે (ચિત્ર ૪, ૨૪). ગૂઢમંડપના ઉત્તર પ્રવેશદ્વારના પ્રતિહારરૂપે ઊભેલા ઇન્દ્રો (ચિત્ર ૩૦, ૩૧માં) રજૂ કર્યા છે. અંદર જતાં ઊંચા અને ધીંગા પણ ચોકીઆળામાં અને પ્રાસાદના ભદ્રોમાં છે તેવા એકસરખા મિશ્રક જાતિના સ્તમ્ભો કરેલા છે (ચિત્ર ૩૨), વચ્ચે અષ્ઠાંશના આઠ સ્તમ્ભો, અને તેને ફરતા બહારના સ્તમ્ભો. બહારના સ્તમ્ભોના ભારપટ્ટ પર કંકણપત્રનો કંડાર અને તેના ઉપર તંત્રકમાં વેલ કોતરેલી છે. તેની ઉપરના ભાગે કિન્નરયુગ્મોની શોભનલીલા અને પછી વલ્લી દર્શાવતો પટ્ટ, તે પછી કર્ણદર્દરિકા (કણદાદરી), રત્નપટ્ટી અને ત્રણ કોલના થરો લીધા છે : અને અહીં આ વળી જતા થરો અંતરાલની જગ્યા સંક્રમી વચ્ચેના અષ્ટાંશનાં ઉચ્ચાલકો (ઠેકીઓ) દ્વારા ઊંચેરા (૧૭ ½) કરેલા સ્તમ્ભોને આંબી રહે છે (ચિત્ર ૩૩). આ ઉચ્ચાલકો વચ્ચે, મોટે ભાગે તો ૧૭મા સૈકાના જીર્ણોદ્ધારમાં, મકર ઉપર મદલ(ઘોડા)ની ટેકણો કાઢેલી છે (ચિત્ર ૩૩).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મંડપની વચ્ચે ઊભા રહી ઉપર જોતાં તેનો મોટો કરોટક-વિતાન કિંવા સભા-પદ્મ-મંદારક જાતિની વિશાળ છત નજરે પડે છે (ચિત્ર ૩૪). તેમાં કર્ણદર્દરિકા ઉપરના કંઠમાં ચોકઠાંઓના સમૂહથી રચાતી ભાત અને વચ્ચે વચ્ચે ૧૬ વિદ્યાધરો કર્યા છે, જેના પર ૧૬ નૃત્યમગ્ન સુરસુંદરીઓની પૂતળીઓ ગોઠવી છે. વિદ્યાધરો પર ત્રણ ગજતાળુ અને ત્રણચતુષ્ખંડી કોલના થર, પછી ૧૬ લૂમાઓનું વર્તુળ, અને છેવટે બે મુખ્ય કોલવાળું લંબન આવે છે. લગભગ ૨૫ ફીટના વ્યાસવાળા વિશાળ વિતાનનું લંબન કંઈ નહીં તોયે સાત કોલનું હોવું જોઈતું હતું, પણ તે ઓછા કોલનું હોઈ છીછરું અને પ્રમાણમાં નાનું દેખાય છે. તેના કોલ જાળીદાર હોઈ (ચિત્ર ૩૫) ૧૨માની નહીં પણ ૧૫મા સૈકાની પ્રથાનું સ્મરણ કરાવી જાય છે. ગૂઢમંડપની પશ્ચિમી ભીંતમાં ૧૩મા શતકના ગોખલો કરેલો છે (ચિત્ર ૩૨).

ગર્ભગૃહની દ્વારશાખામાં ખાસ નવીન કંઈ નથી. અંદર ૧૫મા શતકની (ઈ૰ સ૰ ૧૪૨૩) ગોવિંદ શ્રેષ્ઠીએ બિરાજમાન કરાવેલી મૂલનાયક અજિતનાથ જિનની વિશાળકાય બેઠેલી મૂર્તિ છે. નીચે બાજુમાં બીજી કેટલીક ૧૩મા શતકની, પણ બહારથી લાવેલ આરસની ખડ્ગાસન મૂર્તિઓ છે.

પ્રાસાદનું મૂળ ગર્ભગૃહ તો બહારથી અંગઉપાંગવાળું હશે પણ જીર્ણોદ્ધારમાં તેનો સીધો ચોરસ કરી નાખ્યો છે; તેમાં નથી જંઘા, કે નથી ભદ્રના ગોખલા રહેવા દીધા : પણ ક્યાંક ક્યાંક ઉત્તરે આવી રહેલા, ખંડિયેર બની ગયેલા શિવાલયમાંથી આણેલી અગ્નિ આદિ દિક્પાલોની, ૧૧મા શતકના પૂર્વાર્ધની, નાની મૂર્તિઓ ચોડી દીધી છે. (પ્રાકારના ઉત્તર તરફના પશ્ચાત્કાલીન દરવાજાના આગળ પાછળના મોવાડોમાં પણ આ જ શિવમંદિરના ભદ્રોની હોવી ઘટે તે ગણેશાદિ મૂર્તિઓ લગાવી દીધી છે.)

પ્રદક્ષિણામાં ભદ્રભાગની બે છતો ચિત્ર ૩૬ અને ૩૭માં રજૂ કરી છે. બન્ને સામાન્ય કોટીની છે.

મંડપના ઉપલા માળમાં, ભદ્રના ત્રણે ચોકીઆળાંની અંદર, જીર્ણોદ્ધારકોએ જે મુગલાઈ કમાનો ઘુસાડી દીધેલી તે કાઢીને હાલના સુધારકામમાં ખંડવાળી જાળીઓ ભરી દેવામાં આવી છે. અંદર કરોટકની ઉપર અને સંવરણાના તળિયા ભાગે જીર્ણોદ્ધારમાં ટેકણોરૂપી કદલિકાઓ(કેળો)ના ઊભા, પગથિયાંવાળાં, પટ્ટાઓ કર્યા છે (ચિત્ર ૩૮). અહીં થયેલો, આડસરાદિમાં કેગર લાકડાનો પ્રયોગ જૂના કાળનો મનાય છે.

હવે નીચે ઊતરીને, ફરીને છચોકીમાં પ્રવેશી, છેલ્લે જોઈએ મૂળે મંત્રીશ્વરની વસ્તુપાલની બે ગોખલા-દેરીઓમાં પછીના કાળે મૂકેલી, પણ અન્યથા કુમારપાળના સમયની બે મૂર્તિઓ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આમાં એક છે આરસની દેવી મૂર્તિ (ચિત્ર ૩૯), જેની પિછાન શ્રીમદ્ રમણલાલ મહેતાએ બૌદ્ધ દેવી ધનદ-તારા તરીકે કરી છે. લેખ વિનાની પ્રતિમાની શૈલી ૧૨મા શતકના ત્રીજા ચરણની હોઈ તે મૂળે અહીંના બૌદ્ધ સ્થાનમાંથી લાવવામાં આવી હોય તેવો સંભવ છે. (પરંતુ તે યક્ષી નિર્વાણીની પણ હોઈ શકે છે. અને મહેતા જેને પુસ્તક માને છે તે કદાચ કુણ્ડિકા હોઈ શકે છે.)

બીજી આરસની, છત્રધારી પુરુષ સહિતની, અશ્વારૂઢ પુરુષમૂર્તિ કોઈ રાજપુરુષની, સંભવતયા ગુર્જરેશ્વર કુમારપાળની જ, હોવાનું જણાય છે (ચિત્ર ૪૦). કેમ કે મંત્રી કે દણ્ડનાયક સાથે ન હોય તેવી એક અન્ય રાજવિભૂતિ, ચામરધારિણી વિલાસિનીની મૂર્તિ, પણ અહીં મોજૂદ છે. તમામ આકૃતિઓની નાસિકાઓ ખંડિત કરવામાં આવી છે. તો પણ પ્રતિમા મહત્ત્વની એટલા માટે છે કે તે કુમારપાળની, અને તેની સમકાલીન છે અને મંદિરના કર્ત્તા કુમારપાળ હતા તેવી જે મધ્યકાલીન સાહિત્યની નોંધો છે તેને આ પ્રતિમાથી વિશેષ સમર્થન મળી રહે છે.

તારંગાનું અજિતનાથ જિનાલય પશ્ચિમ ભારતના અસ્તિત્વમાન મારુગૂર્જર મંદિરોમાં સૌથી વિશાળ છે. તે રાજકારિત હોઈ તેનું ઐતિહાસિક મૂલ્ય પણ ઘણું મોટું છે. શિખર-નિર્માણ કલાની દૃષ્ટિએ, તેમ જ જૈન પ્રતિમાવિધાનના અભ્યાસની દૃષ્ટિએ પણ, આ મંદિરનું સારું એવું મહત્ત્વ છે. સોલંકી યુગના તમામ મોટાં મેરુ પ્રાસાદો—પાટણનો કર્ણમેરુ (ઈસ્વી ૧૦૭૦-૮૦), સિદ્ધપુરનો રુદ્રમહાલય (ઈ૰ સ૰ ૧૧૯૦), પાટણનો સિદ્ધમેરુ (ઈ૰ સ૰ ૧૧૨૦-૩૦), અને પ્રભાસનો કૈલાસમેરુ (ઈ૰ સ૰ ૧૧૬૯)—નષ્ટ થઈ ચૂકયા છે, ત્યારે એવડું જબ્બર મંદિર અહીં તારંગામાં આજે પણ અડીખમ ઊભું છે, તે ગુજરાત માટે ગૌરવનો વિષય બની રહે છે.

## કેટલીક ભ્રાન્ત ધારણાઓ

તારંગા તીર્થની પ્રાચીનતા વિષે, અને અજિતનાથના ચૈત્ય સંબંધમાં, કેટલીક ભ્રમમૂલક માન્યતાઓ પ્રચારમાં છે, જે હવે દૂર થવી ઘટે.

( ૧ ) સોમપ્રભાચાર્યે લખ્યું છે કે, ત્યાં (તારાપુરમાં) તારા દેવીની સ્થાપના રાજા વેણી-વત્સરાજે કરાવ્યા બાદ અહીં તેણે (જૈનયક્ષી) સિદ્ધાયિકાનું મંદિર કરાવેલું; પણ પછીથી આ તીર્થ દિગમ્બરોના કબજામાં ચાલ્યું ગયેલું. આ વાતમાં કોઈ તથ્ય જણાતું નથી. પહેલી વાત તો એ છે કે અર્હત્ વર્ધમાનની પછીથી શાસનદેવી મનાતી સિદ્ધાયિકાનો કોઈ ખાસ મહિમા શ્વેતામ્બર સંપ્રદાયમાં હતો નહીં, અને છે પણ નહીં. પ્રાચીન કાળે તો યક્ષી અંબિકાનાં જ સ્થાપના તથા કુલિકારૂપી મંદિરો થતાં હતાં. અને ૨૪ તીર્થંકરોની યક્ષીઓનો વિભાવ પણ ઈસ્વી નવમ શતકના અંતિમ ચરણ પૂર્વેનો નથી. સાહિત્યમાં તેનો વર્ણન સહિત પ્રથમ ઉલ્લેખ તૃતીય

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પાદલિપ્તસૂરિની **નિર્વાણકલિકા**(પ્રાય: ઈસ્વી ૯૫૦)માં મળે છે અને શિલ્પમાં તે મધ્યપ્રદેશના દેવગઢના એક પુરાણા, ઈસ્વી ૮૭૩-૭૫ના અરસાના જિનમંદિરમાં પ્રાપ્ત થાય છે. (આ મંદિર સંભવતયા અચેલ-ક્ષપણક કિંવા બૉટિક સંપ્રદાયનું હશે તેવો સંભવ છે; વર્તમાને તે દિગમ્બરોના અધિકારમાં છે.) બીજી વાત એ છે કે, તારાદેવીની મૂર્તિ કરાવનાર રાજા પ્રતીહાર વત્સરાજ નહોતા, જેમ (સ્વ૦) ડૉ૦ ઉમાકાન્ત શાહે અન્યત્ર સૂચન કર્યું છે તેમ, કોઈએ નામધારી નાનો સ્થાનિક રાજા હશે. જે હોય તે, તેનો સમય ઈસ્વી નવમી શતાબ્દીનો પૂર્વાર્ધ હોવાનું જણાય છે, કે જે સમયે સિદ્ધાયિકા દેવીની કલ્પના પણ સાહિત્ય કે શિલ્પમાં આવી નહોતી.

( ૨ ) દિગમ્બર વિદ્વાન્ બલભદ્ર જૈનના કથન અનુસાર દિગમ્બરોએ કાઢી આપેલી જમીન પર આ અજિતનાથનું શ્વેતામ્બર ચૈત્ય બનેલું; પરંતુ આ સંબંધી સાહિત્ય કે અભિલેખનું કોઈ જ પ્રમાણ ઉપલબ્ધ નથી, ન તેમણે તે પેશ કર્યું છે; એમની પોતાની એ કલ્પના માત્ર છે. પડતર જમીનો રાજ માલિકીની ગણાય છે, જેવી ત્યાંની પણ હશે અને તે પર રાજા કુમારપાળે મંદિર બંધાવેલું. દિગમ્બર કબજા હેઠળનું મંદિર ઘણું નાનું છે અને તેનો અસલી પરિસર પણ ઘણો જ નાનો હતો. આજે પણ તેમાં બહુ વધારો નથી થયો. તેમની પાસે આટલી વિશાળ ફાજલ ભૂમિ હોવાનું વ્યવહારમાં સંભવિત પણ નથી.

( ૩ ) અજિતનાથનું મંદિર મૂળે બત્રીસ માળનું હતું તેવું શ્વેતામ્બર મુનિજન અને શ્રાવક લેખકો વાસ્તુશાસ્ત્રની અને બાંધકામોની મર્યાદાઓ ધ્યાનમાં લીધા સિવાય, અને લાંબો વિચાર કર્યા વિના લખ્યે જ જાય છે. અત્યારે જે મંદિર છે તે પ્રાય: કુમારપાળે બંધાવેલું તે મૂળરૂપે કાયમ છે; અને તેમાં શિખરમાં બે પ્રકટ મજલાઓ છે, અને તેની ઉપર કદાચ એકાદ બે બીજા, 'કુહર' રૂપે, અને એથી પ્રચ્છન્ન રૂપે હોય. મંદિરનો પ્રાસાદ તળભાગે ૭૪ ફીટની પહોળાઈનો છે. જો તે બત્રીસ માળનો કરેલો હોય તો પ્રાસાદ તળભાગે લગભગ ૨૫૦ ફીટ પહોળો કરવો પડે, અને શિખરની ઊંચાઈ ૪૫૦ ફીટ જેટલી થાય, જે વ્યવહારમાં (કમાન રહિતના બાંધકામમાં) સંભવિત નથી. પ્રાસાદની અત્યારે જે ૧૨૬-૧૩૦ ફીટ જેટલી ઊંચાઈ છે તે અસલથી જ છે; અને પ્રાસાદ પણ કુમારપાળના સમયનો હતો તે અસલી જ છે. તેમાં કંઈ પડી ગયું નથી. આ તળ પર ૩૨ માળ હોવાનું શક્ય જ નથી. અને કોઈ જ મધ્યકાલીન લેખકે તેને ૩૨ માળ હોવાનું લખ્યું નથી. (એક ઉત્તર મધ્યકાલીન કર્ત્તા અનુસાર મંદિર સાત માળનું હતું : પણ તે વાત પણ તથ્યપૂર્ણ જણાતી નથી.)

( ૪ ) આ મંદિર જેટલી ઊંચાઈ ધરાવતું ભારતમાં ભાગ્યે જ કોઈ મંદિર હશે તેવી શ્વેતામ્બર લેખકોની એક બીજી માન્યતા પણ બરોબર નથી. સૌરાષ્ટ્રમાં દ્વારકાધીશ કૃષ્ણના મંદિરની વર્તમાન

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઊંચાઈ ૧૫૦-૧૬૦ ફીટની જણાય છે. કલિંગદેશમાં ભુવનેશ્વરમાં લિંગરાજ સમૂહના મુખ્ય મંદિર(આ૦ ઈ૦ સ૦ ૧૦૭૫)ની ઊંચાઈનો અંદાજ ૧૪૦-૧૬૦ ફીટ વચ્ચેનો મુકાય છે. જગન્નાથપુરીના પુરુષોત્તમ મંદિરની ઊંચાઈ લગભગ ૧૬૯ ફીટ છે; જ્યારે કોણાર્કના સૂર્યમંદિરના (આ૦ ઈ૦ સ૦ ૧૨૫૦) પડી ગયેલા શિખરની ઊંચાઈ ૨૪૦ ફીટની હતી. (એના અસ્તિત્વમાન મંડપની જ ઊંચાઈ ૧૫૦ ફીટ લગોલગ છે.)

બીજી બાજુ જોઈએ તો દક્ષિણમાં તમિળ્લનાડુના તંજાવૂરના, સમ્રાટ રાજારાજ ચોળ્લે નિર્માણ કરાવેલા, બૃહદીશ્વર અપરનામ રાજરાજેશ્વર(ઈ૦ સ૦ ૧૦૧૪)ના વિમાનની પહોળાઈ ૯૬ ફીટ અને ઊંચાઈ ૨૦૦ ફીટની છે; અને તેના પુત્ર રાજેન્દ્ર ચોળ્લના ગંગાઈકોણ્ડચોળ્લપુરમ્‌ના મંદિરની ઊંચાઈ ૧૫૦ ફીટ જેટલી છે.

( ૫ ) અજિતનાથનું મંદિર રાજા કુમારપાળે નહીં પણ તેના દંડનાયક અભયે રાજાની 'અનુજ્ઞા'થી બંધાવેલું એવી એક વાત તાજેતરમાં વહેતી મૂકવામાં આવી છે. મંદિરનું નિર્માણ રાજા કુમારપાળના આદેશથી જ થયેલું તે સંબંધમાં સમીપકાલીન તથા ઉત્તરકાલીન પૂરતાં સાહિત્યિક પ્રમાણો અને અન્ય પ્રમાણો પણ તે વાતની જ તરફદારી કરે છે. (આ વિષે સામ્પ્રત લેખકે **નિર્ગ્રન્થ** સામયિકના બીજા અંક [અમદાવાદ ૧૯૯૭]માં સવિસ્તર ઊહાપોહ કરેલો છે.)

## ચિત્રસૂચિ :-

૧. અજિતનાથના મહાપ્રાસાદનું નૈઋત્ય કોણથી થતું વિહંગદર્શન.
૨. અજિતનાથ મહાચૈત્યનું દક્ષિણ દિશાથી થતું સમગ્રદર્શન.
૩. અજિતનાથના મહામંદિરનું ઈશાન ખૂણાથી દેખાતું પૂર્ણ દશ્ય.
૪. અજિતનાથના ગૂઢમંડપની સંવરણા તથા શિખરનું પૂર્વ તરફથી થતું દર્શન.
૫. અજિતનાથના મહાન પ્રાસાદનું વાયવ્યકોણથી થતું દર્શન.
૬. પ્રાસાદના શિખરના વાયવ્ય ભાગનું સમીપદર્શન.
૭. પ્રાસાદ તથા કપિલીનું ઉત્તર તરફનું દર્શન.
૮. મૂલપ્રાસાદના ઉત્તર તરફના પીઠ, પ્રણાલ, રાજસેન, વેદિ-કક્ષાસનાદિનું દશ્ય.
૯. પ્રાસાદનું ઉત્તર તરફનું જાળીયુક્ત ભદ્રાવલોકન.
૧૦. પ્રાસાદનો પશ્ચિમ બાજુનો નીચલો ભાગ.
૧૧. પ્રાસાદનાં પશ્ચિમ દિશાના ડાબી બાજુથી દેખાતા કોરણીયુક્ત પીઠ અને મંડોવર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૨. પ્રાસાદના શિલ્પમંડિત મંડોવરનું નૈઋત્ય ખૂણાથી થતું દર્શન.

૧૩. પ્રાસાદનું ઉત્તર તરફથી દેખાતું દશ્ય.

૧૪. પ્રાસાદ અને ગૂઢમંડપ વચ્ચેની ઉત્તર તરફની કપિલીનું દશ્ય.

૧૫. પ્રાસાદ તથા ઉત્તર તરફની કપિલીની જંઘાની દેવમૂર્તિઓ.

૧૬. ગૂઢમંડપ તથા ઉત્તર તરફની કપિલીની જંઘાની દેવમૂર્તિઓ.

૧૭. દક્ષિણ તરફની કપિલીનું દર્શન.

૧૮. પ્રાસાદના શિખરનું પશ્ચિમ તરફનું દર્શન.

૧૯. પ્રાસાદ-શિખર, પશ્ચિમ બાજુ.

૨૦. પ્રાસાદના મંડોવર સહિતના શિખરનું દક્ષિણ તરફનું દર્શન.

૨૧. પ્રાસાદના શિખર-શુકનાસ તથા ગૂઢમંડપની સંવરણાના સંધાનનું દક્ષિણ તરફનું દર્શન.

૨૨. પ્રાસાદ-શિખરની પૂર્વ દિશાનું જમણી બાજુથી થતું વિગત-દર્શન.

૨૩. પ્રાસાદ-શિખરની શુકનાસ, પૂર્વ તરફથી સન્મુખ દર્શન.

૨૪. પ્રાસાદના ગૂઢમંડપની સંવરણાના દક્ષિણ મથાળાનું પશ્ચિમ બાજુથી થતું દર્શન.

૨૫. પ્રાસાદની છચોકી અને ગૂઢમંડપનો પૂર્વદિશાનો જમણી તરફના ઉદયનું ઉત્તર તરફના ચોકીઆળા સમેતનું દશ્ય.

૨૬. છચોકીની ઉત્તર-પૂર્વની સમતલ ચોરસાકૃતિ છત.

૨૭. છચોકીના મધ્ય ભાગની પૂર્વ તરફની સમતલ લંબચોરસ છત.

૨૮. છચોકી ઉત્તર-પશ્ચિમનો નાભિમંદારક વિતાન.

૨૯. છચોકીના મધ્ય ભાગનો પશ્ચિમ તરફ દ્વાર ઉપરનો નાભિમંદારક વિતાન.

૩૦. ગૂઢમંડપની ઉત્તર તરફની ચોકી અંતર્ગત પ્રવેશદ્વારનો જમણી તરફનો ઇન્દ્ર-પ્રતિહાર.

૩૧. ગૂઢમંડપની ઉત્તર તરફની ચોકીના અંદરના પ્રદેશદ્વારનો ડાબી બાજુનો ઇન્દ્ર-પ્રતિહાર.

૩૨. ગૂઢમંડપની અંદરના મિશ્રક જાતિના સ્તમ્ભો.

૩૩. ગૂઢમંડપના અલિંદો ઉપરની છતના સ્તરો.

૩૪. ગૂઢમંડપનો સભા-પદ્મ-મંદારક જાતિનો મહાવિતાન.

૩૫. ગૂઢમંડપના મહાવિતાનનો મધ્ય ભાગ.

૩૬. ગર્ભગૃહ પ્રદક્ષિણાપથ પરની એક છત.

૩૭. ગર્ભગૃહ પ્રદક્ષિણાપથની ઉત્તર તરફની છત.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૩૮. ગૂઢમંડપના ઉપલા માળમાં સંવરણા નીચેની કદલિકા(કોર્બેલ)માં કેગરના લાકડાની ટેકણો.


૩૯. બૌદ્ધદેવી ધનદ-તારા (કે જૈન યક્ષી નિર્વાણી ?).

૪૦. અશ્વારૂઢ રાજા કુમારપાળની પ્રતિમા.

---


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



૧. અજિતનાથના મહાપ્રાસાદનું નૈઋત્ય કોણથી થતું વિહંગદર્શન.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org




૨. અજિતનાથ મહાચૈત્યનું દક્ષિણ દિશાથી થતું સમગ્રદર્શન.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org




૩. અજિતનાથના મહામંદિરનું ઈશાન ખૂણાથી દેખાતું પૂર્ણ દશ્ય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org




૪. અજિતનાથના ગૂઢમંડપની સંવરણા તથા શિખરનું પૂર્વ તરફથી થતું દર્શન.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org




૫. અજિતનાથના મહાન પ્રાસાદનું વાયવ્યકોણથી થતું દર્શન.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org




૬. પ્રાસાદના શિખરના વાયવ્ય ભાગનું સમીપદર્શન.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



૭. પ્રાસાદ તથા કપિલીનું ઉત્તર તરફનું દર્શન.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org




૮. મૂલપ્રાસાદના ઉત્તર તરફના પીઠ, પ્રણાલ, રાજસેન, વેદિ-કક્ષાસનાદિનું દશ્ય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



૯. પ્રાસાદનું ઉત્તર તરફનું જાળીયુકત ભદ્રાવલોકન.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org




૧૦. પ્રાસાદનો પશ્ચિમ બાજુનો નીચલો ભાગ.

૧૧. પ્રાસાદનાં પશ્ચિમ દિશાના ડાબી બાજુથી દેખાતા કોરણીયુક્ત પીઠ અને મંડોવર. →

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org




Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



૧૨. પ્રાસાદના શિલ્પમંડિત મંડોવરનું નૈઋત્ય ખૂણાથી થતું દર્શન.


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org




૧૩. પ્રાસાદનું ઉત્તર તરફથી દેખાતું દશ્ય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૪. પ્રાસાદ અને ગૂઢમંડપ વચ્ચેની ઉત્તર તરફની કપિલીનું દૃશ્ય.




Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org




૧૫. પ્રાસાદ તથા ઉત્તર તરફની કપિલીની જંઘાની દેવમૂર્તિઓ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org




૧૯. ગૂઢમંડપ તથા ઉત્તર તરફની કપિલીની જંઘાની દેવમૂર્તિઓ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org




૧૭. દક્ષિણ તરફની કપિલીનું દર્શન.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org




૧૮. પ્રાસાદના શિખરનું પશ્ચિમ તરફનું દર્શન.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



૧૮. પ્રાસાદ-શિખર, પશ્ચિમ બાજુ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org




Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org




૨૧. પ્રાસાદના શિખર-શુકનાસ તથા ગૂઢમંડપની સંવરણાના સંધાનનું દક્ષિણ તરફનું દર્શન.

← ૨૦. પ્રાસાદના મંડોવર સહિતના શિખરનું દક્ષિણ તરફનું દર્શન.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



૨૩. પ્રાસાદ-શિખરની શુકનાસ, પૂર્વ તરફથી સન્મુખ દર્શન.

← ૨૨. પ્રાસાદ-શિખરની પૂર્વ દિશાનું જમણી બાજુથી થતું વિગત-દર્શન.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org




૨૪. પ્રાસાદના ગૂઢમંડપની સંવરણાના દક્ષિણ મથાળાનું પશ્ચિમ બાજુથી થતું દર્શન.

૨૫. પ્રાસાદની છચોકી અને ગૂઢમંડપનો પૂર્વદિશાનો જમણી તરફના ઉદયનું ઉત્તર તરફના ચોકીઆળા સમેતનું ➔
દશ્ય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org




Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org




૨૬. છચોકીની ઉત્તર-પૂર્વની સમતલ ચોરસાકૃતિ છત.


૨૭. છચોકીના મધ્ય ભાગની પૂર્વ તરફની સમતલ લંબચોરસ છત.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



૨૮. છચોકી ઉત્તર-પશ્ચિમનો નાભિમંદારક વિતાન.




૨૯. છચોકીના મધ્ય ભાગનો પશ્ચિમ તરફ દ્વાર ઉપરનો નાભિમંદારક વિતાન.


Jain Education International

For Personal & Private Use Only

www.jainelibrary.org



૩૦. ગૂઢમંડપની ઉત્તર તરફની ચોકી અંતર્ગત પ્રવેશદ્વારનો જમણી તરફનો ઇન્દ્ર-પ્રતિહાર.



૩૧. ગૂઢમંડપની ઉત્તર તરફની ચોકીના અંદરના પ્રદેશદ્વારનો ડાબી બાજુનો ઇન્દ્ર-પ્રતિહાર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org


૩૨. ગૂઢમંડપની અંદરના મિશ્રક જાતિના સ્તમ્ભો.



૩૩. ગૂઢમંડપના અલિંદો ઉપરની છતના સ્તરો.




Jain Education International www.jainelibrary.org




૩૪. ગૂઢમંડપનો સભા-પદ્મ-મંદારક જાતિનો મહાવિતાન.


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



૩૫. ગૂઢમંડપના મહાવિતાનનો મધ્ય ભાગ.


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org





Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org


← ૩૬. ગર્ભગૃહ પ્રદક્ષિણાપથ પરની એક છત.



૩૮. ગૂઢમંડપના ઉપલા માળમાં સંવરણા નીચેની કદલિકા(કોર્બેલ)માં કેગરના લાકડાની ટેકણો.


← ૩૭. ગર્ભગૃહ પ્રદક્ષિણાપથની ઉત્તર તરફની છત.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



૩૯. બૌદ્ધદેવી ધનદ-તારા (કે જૈન યક્ષી નિર્વાણી ?).

आ श्रीकैलाससागरसूरि ज्ञानमन्दिर
श्रीमहावीर जैन आराधना केन्द्र
कोबा (गांधीनगर) पि ३८२००९



૪૦. અશ્વારૂઢ રાજા કુમારપાળની પ્રતિમા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org